गुजरात वाणिज्यिक वेरा
Gujarat Commercial Tax

નવા નોંધણી નંબર આપવા માટે
સ્થળ મુલાકાત અંગેની સુચનાઓ

વાણિજ્યિકવેરા કમિશનરશ્રીની કચેરી

ક્રમાંક: વાવેક/વહિવટ/૨૦૧૭-૧૮/જા. ૧૧૨૫

પરિપત્ર ક્રમાંક:૧૨૯૮તા:૧૯/૦૬/૨૦૧૭

સંદર્ભ:-(૧) નાણાવિભાગના તા.૦૧/૧૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક(GHN-41)VAR-2011(32)Th

(૨) જાહેર પરિપત્ર ક્રમાંક:ગુજકા/વેટ/૫/૨૦૧૧-૧૨/જા.૧૨૬/૧૦, તા.૦૧/૧૨/૨૦૧૧

(૩) ખાતાકીય પરિપત્ર ક્રમાંક:૧૨૫૬, તા.૦૧/૧૨/૨૦૧૧

(૪) ખાતાકીયપરિપત્ર ક્રમાંક:૧૨૭૬, તા:૧૮/૦૬/૨૦૧૫

(૫) ખાતાકીયપરિપત્ર ક્રમાંક:૧૨૮૩, તા:૨૧/૦૩/૨૦૧૬

-:ખાતાકીય પરિપત્ર:-

તા.૦૧/૧૨/૨૦૧૧થી ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા તથા કેન્દ્રીય કાયદા હેઠળ નોંધણી નંબર મેળવવા માટે પુરાવાઓ મર્યાદિત કરવા તથા નોંધણી પ્રકિયામાં ફેરફાર કરવા રાજ્ય સરકાર દ્વારા નિયમોમાં જરૂરી સુધારા કરતુ જાહેરનામુ સંદર્ભ (૧) દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે,જેના અનુસંધાને સંદર્ભ (૨),(૩),(૪) અને (૫) થી પરિપત્રિત સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

તા.૦૧-૦૪-૨૦૦૬થી ગુજરાત રાજ્યમાં ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ અમલમાં આવેલ છે. નવા નોંધણી નંબર મેળવવા માટે વેપારી દ્વારા વેટ કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈ નિયમોનુસાર જરૂરી પુરાવાઓ સહિત નોંધણી નંબર મેળવવા માટે ઓન-લાઇન અરજી કરવામાં આવે છે. જેના આધારે વેપારીનો નોંધણીનંબર ઈસ્યુ કરવામાં આવે છે. અનુભવે એવુ જણાય છે કે, નવા નોંધણી નંબર આપતી વખતે કરવામાં આવતી સ્થળ તપાસમાં જોખમ આધારિત (Risk Based) સ્થળ તપાસ કરવામાં આવે તો વધુ ગુણવત્તાસભર પરિણામો મળી શકે તેમ જણાય છે. તેથી સ્થળ તપાસના ટાસ્ક ઉભા કરવા માટે નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

(૧) જાહેર સાહસો, સરકારી કંપનીઓ કે સરકારી ખાતાને લેવાપાત્ર થતા વેટ નંબર માટેની તેઓની અરજી અન્વયે સ્થળ તપાસમાંથી તેઓને બાકાત રાખવાના રહેશે.

(૨) નીચે જણાવેલ ચીજવસ્તુઓના વેપાર સંબધી વેપારીની અરજી મળ્યેથી તેઓના સ્થળ તપાસની કાર્યવાહી વાણિજ્યિકવેરા અધિકારીના Login માંજ Create કરવાની રહેશે.

Scanned by CamScanner

ક. પીતળ અને પીતળની ચીજવસ્તુઓ

ખ. ભંગાર

ગ. તેલ અને તેલીબીયા

ઘ. આરસ અને તેની વસ્તુઓ

ચ. આયર્ન અને સ્ટીલ

છ. લોખંડ અને પોલાદ

જ. સિમેન્ટ

ઝ. પ્લાયવુડ

ણ. નેપ્થા

(૩) અન્ય તમામ ચીજવસ્તુઓના વેપાર સાથે સંકળાયેલ વેપારીઓના નોંધણીની અરજીઓના સ્થળ ચકાસણીના ટાસ્ક વાણિજ્યિકવેરા નિરિક્ષક અને વાણિજ્યિકવેરા અધિકારીના Login માં રાઉન્ડ રોબીન પધ્ધતિ પ્રમાણે ઉભા કરવાના રહેશે.

(૪) વધુમાં, ઉક્ત સંદર્ભ ક્રમ-૫ ઉપરના પરિપત્ર ક્રમાંક:૧૨૮૩, તા.૨૧-૦૩-૨૦૧૬ થી આપેલ

સુચનામાં ફેરફાર કરી નીચે મુજબ સુચના આપવામાં આવે છે.

"સંબધિત અધિકારી/નિરીક્ષકોએ સ્થળ તપાસના ઉભા થયેલ ટાસ્કનો અહેવાલ સ્થળ તપાસ કર્યાના દિન-૧ માં Online કરવાનો રહેશે અને સ્થળ ચકાસણીના ટાસ્ક બંધ કરવાનાં રહેશે."

ઉપરોક્ત સુચનાઓનું સંબધિત તમામ અધિકારી/નિરીક્ષકોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(નોંધ પર માન. આયુક્તશ્રીની અનુમતિ અન્વયે)

(ટી. વાઘેલા ભટ્ટ)
અધિક વાણિજ્યિકવેરા કમિશનર
(વહીવટ)
ગુજરાત રાજ્ય, અમદાવાદ

<u>નકલ રવાના પ્રતિ:-</u>

૧. વાણિજિયકવેરા કમિશનરશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રીને જાણ સારૂં.

૨. ખાસ વાણિજ્યિકવેરા કમિશનરશ્રીનારહસ્ય સચિવશ્રીને જાણ સારૂં.

૩. અધિક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી(ત/મ)ના અંગત મદદનીશશ્રીને જાણ સારૂં.

૪. સઘળા વિભાગીય અધિક/સંયુક્ત વાણિ.વેરા કમિશનરશ્રીઓનેજરૂરી કાર્યવાહી સારૂં.

૫. તમામ નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂં.

૬. તમામ વાણિજ્યિકવેરા કચેરીઓને જરૂરી કાર્યવાહી સારૂં.

૭. આ કચેરીની તમામ શાખાઓને.

૮. દફતર શાખાને / તાલીમ શાળાને ૧૦ નકલમાં.

૯. ઇ-ગવર્નન્સ શાખાને ઇન્ટ્રાનેટ પર પરિપત્ર પ્રસિધ્ધ કરવા સારૂં.

Scanned by CamScanner